# લોકસભાની ચૂંટણીમાં સરકાર ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહે : લાલજી પટેલ

## ગઢ પોલીસ ફાયરિંગમાં મૃત્યુ પામેલા યુવકોના પરિવારને ન્યાય નહી મળે તો ઉગ્ર આંદોલનની ચિમકી

પાલનપુર તાલુકાના ગઢ ગામે પાટીદાર અનામત આંદોલન દરમિયાન પોલીસ ફાયરિંગમાં બે યુવકોના મોત નિપજ્યા હતા. જેમાં પોલીસ અધિકારી સામે ઉચ્ચારી છે.

પાટીદાર સમાજના અનામત આંદોલન વખતે પાલનપુર તાલુકાના ગઢ ગામે પોલીસ ફાયરિંગમાં બે યુવકોના પાટીદાર સમાજના લોકોએ મંગળવારે પાલનપુર ખાતે કલેકટર કચેરી આગળ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા છે. જ્યાં આ ઉપવાસના સમર્થનમાં આવેલા પાટીદાર નેતા



એફઆરઆઈ નોંધવામાં આવી હતી. જોકે, હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. બીજી તરફ પાટીદારો સામે થયેલા કેસો પણ પરત ખેંચવામાં આવ્યા નથી. જેને લઈ ગઢના પાટીદાર સમાજના લોકોએ મૃતકના પરિવારને ન્યાય અપાવવા માટે મંગળવારથી કલેકટર કચેરી ખાતે ધરણાં યોજ્યા હતા. જ્યાં પાટીદાર સમાજના અગ્રણીઓએ જો ન્યાય નહી મળે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન સાથે લોકસભાની ચૂંટણીમાં ગંભીર પરિણામ ભોગવવા માટે તૈયાર રહેવા ચિમકી મોત નિપજ્યા હતા. આ અંગે ગઢના તાત્કાલિન પીએસઆઈ સહિત પોલીસકર્મીઓ સામે એફઆરઆઈ કરવામાં આવી હતી.

જોકે, આ મુદ્દે હજુસુધી સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ ઉપરાંત તોફાનો દરમિયાન પાટીદાર સમાજના લોકો સામે થયેલા કેસો પરત ખેંચવાની સરકારે ખાત્રી આપી હતી. જેમાં ગઢના કોઈ કેસો પરત ખેંચાયા નથી. ત્યારે મૃતકોના પરિવારજનોને ન્યાય મળે તેમજ કેસો પરત ખેંચાય તે માટે ગઢના દિનેશ બાંભણીયા, નિલેશ એરવાડીયા અને લાલજીભાઈ પટેલે જણાવ્યું હતુ કે, એક જનરલ ડાયરના ઈશારે પાટીદારો ઉપર દમન ગુજારવામાં આવ્યું હતુ. અમે ન્યાય માંગીએ છીએ. ન્યાય નહી મળે તો હજુ ઉગ્ર આંદોલન કરીશુ. જે રીતે વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર તેમજ અન્ય અનામતથી વંચિત સમાજના લોકોએ સરકારને પરિણામ બતાવ્યું હતુ. તેમ અમને ન્યાય નહી મળે તો આગામી લોકસભાની ચૂંટણીમાં પણ સરકારે ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહેવું પડશે.

# આજે વિજયભાઈ રૂપાણી લાંબડીયા શાળા પ્રવેશોત્સવમાં હાજરી આપશે

પોશીના તાલુકાના લાંબડીયા દેમતીમા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમા હાજરી આપશે. હેલીકોપ્ટરથી સવારે લાંબડીયા આવશે અને શાળામાં પ્રવેશ મેળવતી દિકરી દિકરીયોનો પ્રોત્સાહન આપશે. સાથેસાથે છોકરીઓને સાયકલ વિતરણ તથા વિધ્યાલક્ષી બોન્ડનુ વિતરણ પણ એમના હાથેથી કરવાના છે. અંતરિયાળ વિસ્તારમાં સીએમ રૂપાણી બીજીવાર આવતા હોય ત્યારે લોકો પણ ગુજરાતના ગતિશલ સીએમને જોવા તથા એમને સાંભળવા મોટી સંખ્યામા લોકો હાજર રહેશે ત્યારે કોઈ ઈચ્છનીય બનાવ ના બને તેના માટે એક એસ.પી., ૪ ડીવાયએસપી, ૫ પી.આઈ., ૧૯ પી.એસ.આઈ., ૨૨૩ પોલીસ, ૩૭ મહીલા પોલીસ ધ્વારા બાજ નજર રાખશે તથા સરકારી તંત્ર પણ સીએમ ના સ્વાગત મા આતુર રહેશે.

# ધાનેરાના ધાખા ગામે કરોડોના દારૂ પર બુલડોઝર ફર્યું

ધાનેરા પોલીસ મથકમાં પકડાયેલા ૨.૭૦ કરોડ કરતા પણ વધુ ના દારૂ નો ધાનેરા તાલુકા ના ધાખા ગામે નાશ કરાયો હતો જેમાં નશાબંધી ખાતું ધાનેરા એસડીએમ ધાનેરા પીઆઈ સહીત ના ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખી કરોડો ના દારૂ ઉપર બુલડોઝર ફેરવ્યું હતું.

ધાનેરા તાલુકોએ રાજેસ્થાન સરહદ ઉપર આવેલો તાલુકો છે અને રાજેસ્થાન માંથી ગુજરાત દારૂ ઘુસાડવાનું મોટું નેટવર્ક ચાલી રહ્યું છે ત્યારે પોલીસ પણ દારૂ પકડવામાં પાછી પાણી નથી કરતી ધાનેરા પોલીસે ધાનેરા વિસ્તાર ની હદ માંથી અવાર નવાર દારૂ ભરેલી ગાડીઓ ઝડપી કાયદેસર ની કાર્યવાહી કરી હતી પરંતુ ધાનેરા પોલીસ મથક તેમજ પોલીસ લાઈન હવે દારૂ થી ઉભરાવવા લાગી હતી ત્યારે આજે ધાનેરા તાલુકા ના ધાખા ગામે ઉચ્ચ અધિકારીઓ ની હાજરી માં ધાનેરા પોલીસ મથક તેમજ પોલીસ લાઈન માં પડેલો દારૂ ધાખા ગામે લઈ જવાયો હતો અને ત્યાં દારૂ ઉપર બુલડોઝર ફેરવી દારૂ નો નાશ કરાયો હતો.



૨૦૧૯માં આવનારી લોકસભા માટે ની તૈયારીઓ શરૂ થઈ ગઈ હોય તેમ રાજકીય પક્ષો વિવિધ કાર્યક્રમો આપી પ્રજા સમક્ષ આવવાનાં પ્રયત્નો કરી રહી છે. ત્યારે આજે પણ કોંગ્રેસ સમીતી દ્વારા રસ્તા રોકો નું કાર્યક્રમ જાહેર કરાયો હતો. જેને લઈ યાત્રાધામ અંબાજી ખાતે પણ કોંગ્રેસનાં કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં એકત્રીત થઈ રસ્તા વચ્ચે ઉભા રહી સુત્રોચ્ચાર કરી વાહનોને થોભાવી દીધા હતા અને રસ્તા ઉપર વિવિધ શાકભાજી ફેંકી ભાજપ સરકારનો વિરોધ પ્રદર્ષીત કર્યો હતો. જોકે ખેડુતોને પોતાની શાકભાજીનાં પોષણક્ષમ ભાવે મળતાં નથી. ત્યારે બીજી તરફ મોંઘવાની ગરીબોની કમર તોડી રહી છે. ત્યારે કોંગ્રેસ આવા ગરીબ લોકો અને ખેડુતોની સાથે રહી સરકારનો વિરોધ કરી રહી છે. ને આજે પણ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ દ્વારા કરાયેલાં વિરોધ પ્રદર્ષનમાં પરીસ્થીતી વધુ વણશે નહીં તે માટે પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. અંબાજી ખાતે કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા શાકભાજી ફેંકી કરી રહેલાં સુત્રોચ્ચારનાં પગલે વધુ પરીસ્થીતી વણશે તે પહેલાં પોલીસે ૧૫ જેટલાં કાર્યકર્તાઓની અટકાયત કરી પરીસ્થીતીને ઠાળે પાડી હતી. અને વાહન વ્યવહારને પણ રાબેતા મુજબ શરૂ કરી દેવાયો હતો. અને તુલસીરામ જોષી (પ્રમુખ, કોંગ્રેસ શહેર સમીતી) અંબાજીનાઓએ જમાવ્યુ હતુ કે ખેડુતોને પોષણક્ષમ ભાવ મળતાં નથી. મોંઘવાની ખુબ વધી છે. ને જ્યાં સુધી સરકાર પગલાં નહીં લે ત્યાં સુધી અમારા આવા કાર્યક્રમો ચાલુ રહેશે.





## ધાનેરામાં કોંગ્રેસ અગ્રણીએ રસ્તા પર ટાયરો સળગાવી તેમજ દૂધ રેડી વિરોધ દર્શાવ્યો

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં કોંગ્રેસ ના ધારાસભ્ય સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા પેટ્રોલ ડીઝલ ભાવ વધારા અને ખેડૂતોના પ્રશ્નોને લઈ ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો જેમાં રસ્તા ઉપર ટાયરો સળગાવી તેમજ દૂધ રેડી વિરોધ કરતા ધાનેરા પોલીસે ધારાસભ્ય સહીત કાર્યકર્તાઓ ની અટકાયત કરી હતી. પેટ્રોલ અને ડીઝલમાં દિવસે ને દિવસે ભાવ વધી રહ્યા છે અને મોંઘવારી એ મઝા મુકતા આમ જાણતા ને જીવવું પણ મુશ્કેલ બની ગયું છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં ધારાસભ્ય નાથાભાઈ પટેલ નગરપાલિકા પ્રમુખ બળવંતભાઈ બટોટ, જયેશભાઈ સોલંકી સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ ભેગા થયા હતા અને ધાનેરા રાજધાની ત્રણ રસ્તા પાસે આવેલા પુલ ઉપર ટાયરો સળગાવી ચક્કાજામ કર્યું હતું અને તે બાદ રસ્તા ઉપર દૂધ રેડી ભાજપ સરકારનો વિરોધ કર્યો હતો ત્યારે ધાનેરા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જતા મામલો થાળે પડ્યો હતો તો બીજી તરફ કોંગ્રેસના અગ્રણીઓ માંગણી કરી હતી કે સરકાર પેટ્રોલ ડીઝલના ભાવ ઘટાડે અને ખેડૂતોનું દેવું માફ કરે તેમજ ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપ નહીંતર આવનારા સમયમાં આના કરતા પણ ઉગ્ર આંદોલન કરશું.



## મોડાસામાં ધોમધખતા તડકામાં શ્રમજીવીઓને ગરનાળાનો સહારો

અરવલ્લી જીલ્લા સહીત મોડાસામાં વાતવરણ પલટો આવતા વાદળછાયા વાતાવરણના પગલે ગરમીમાં આંશિક રાહત અનુભવી હતી. વાદળો વેરાતાં ફરીથી સૂર્યદેવતાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગરમીથી બચવા એસી, પંખા અને એરકુલરનો સહારો લઈ રહ્યા છે ત્યારે મોડાસા શહેરમાં શ્રમજીવીઓ રોજગારી મેળવવા આવતા યુવાનો ગરમીથી બચવા ચાર રસ્તા પર મુકેલ ગટર યોજનાના ગરનાળામાં સહારો લઈ નિરાંતે બેઠેલા અને મિત્રો સાથે સુખ દુ:ખની વાતો કરતા કેમેરામાં કેદ થયા હતા.

# લડબી નદીમાં સર્વે બાદ જમીન દફતર કચેરીએ દબાણો પર માર્કિંગ કર્યું

## માર્કિંગમાં અનેક જગ્યાએ બિલ્ડરોને બચાવવાની નીતિ ગરીબો પર ફરશે બુલડોઝર : પાલનપુર નગરપાલિકાની ચૂંટણી કાંટાળો તાજ કોને શીરે

પાલનપુરના મધ્ય ભાગમાંથી પસાર થતી નવાબી કાળની લડબી માટે નગરજનોએ આદરેલા અભિયાન નું હવે પરિણામ દેખાઈ રહ્યું છે જિલ્લા કલેકટરના કડક અને નગરપાલિકાની સંયુકત ભૂલનું પરિણામ પાલનપુરના નગરજનો અને સરકાર પણ ભોગવી ચૂકી છે સરકાર દ્વારા પણ લડબી ના પીડિતોને કરોડો રૂપિયાની સહાય ચૂકવાઈ હતી અટકાવી દેવામાં આવ્યું છે જે ગંભીર બાબત છે જમીન દફ્તર કચેરીના અધિકારીઓ માર્કિંગ કરતા હતા ત્યારે પાલનપુરમાં અનેક જગ્યાએ લડબી નદીનો પટ્ટ અનેક જગ્યાએ એંસી



આદેશ બાદ લડબી નદીના ફરીથી રિ સર્વે કરાયો અને જમીન દફતર કચેરી દ્વારા લડબી નદીમાં જે દબાણો હતા તેમના પર માર્કિંગ કરાયા હતા.

પાલનપુરની લડબી નદીના જન આક્રોશને જોઈને વહીવટી તંત્ર અને સરકાર હચમચી ઉઠી હતી બિલ્ડરોને ભૂ માફિયાઓ દ્વારા જે પ્રકારે લડબી નદીના પટ્ટમાં દબાણ કરાયા હતા તેને લીધે લડબી નું વહેણ રોકાયું હતું અને છેલ્લા કેટલાય વર્ષોથી પાલનપુરના નગરજનો પીડાઈ રહ્યા હતા ચોમાસામાં જાનમાલનું નુકશાન વેઠી રહ્યા હતા જમીન દફતર કચેરી ત્યારે હવે વહીવટી તંત્ર અને સરકાર જાગી છે અને લડબી નદી પરના દબાણો દૂર કરવા માટે આજે દબાણ ઉપર માર્કિંગ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી જો કે અનેક જગ્યાએ જમીન દફતર કચેરીએ માર્કિંગ માં છબરડા વાળ્યા છે ક્યાંક ને ક્યાંક બિલ્ડરોને બચાવવાના પ્રયત્નો થયા છે ત્યારે પાલનપુર શહેરમાં જ્યાં લડબી નદી જવાનું ઉદભવ સ્થાન છે તે મંડોરા નર્સરીની સામે જ નેશનલ હાઈવે ઓથોરિટીની જગ્યા અને નવાબી કાળમાં નાળુ બિલ્ડર દ્વારા પૂરી દેવામાં આવ્યું કે કરનાળીનું રહેલ ફૂટ જેટલો પહોળો જોવા મળ્યો હતો ત્યારે આજે જમીન દફ્તર કચેરીના અધિકારીઓએ માર્કિંગ કર્યું હતું જો કે જ્યાં સીમાડો છે પાલનપુરની લડબી નદી જો વહેણ રોકાય છે ત્યાં મેડી પોલીસ નામની સ્કિન બની રહી છે અને તેના કારણે જ સમગ્ર વહેણ રોકાયું છે અને જે સ્કીમના કારણે સમગ્ર પાલનપુર શહેર ડૂબમાં રહી ગયું છે ત્યારે ગરીબો પર બુલડોઝર ફેરવવાની બદલે બિલ્ડરો અને ભૂ માફિયાઓના દબાણ કરવાની માંગ ઉઠી છે.

## ધાનેરાના ધાખા ગામે પિતરાઈ ભાઈ તલવારના ઘા જીકી ભાઈની હત્યા

ધાનેરા તાલુકાના ધાખા ગામે જૂની રસ્તા બાબતની અદાવત રાખી પિતરાઈ ભાઈએ ભાઈની તલવારના ઘા જીકી હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ ધાનેરા પોલીસે ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધાનેરા તાલુકાના ધાખા ગામે રહેતા પ્રતાપભાઈ હાંજરી ભાઈ માજીરાણાની ગઈકાલે રાત્રે તેમના જ પિતરાઈ ભાઈઓએ જુના રસ્તાની અદાવત બાબતે તલવારના ઘા જીકી હત્યા કરી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને સવારે મૃતકની લાશ લોકોના નજરે ચડતા લોકો દ્વારા ધાનેરા પોલીસને જાણ કરતા ધાનેરા પોલીસની ટિમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હત્યાનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસામાં કોર્ટના હુકમથી છેતરપીંડીની ફરિયાદ દાખલ

## વકિલ અને તેમના પુત્ર સાથે ૩.૯૦ લાખની છેતરપિંડી કરાઈ હતી

ડીસા, તા. ૧૩

ડીસાના એક વકીલે તેમના પુત્રને ઘીની ફેકટરીમાં ભાગીદાર બનાવવા તેમના સમાજના શખ્સને રૂ. ૩ લાખ ૯૦ હજાર ઉછીના આપ્યા હતા. પરંતુ આ શખ્સે ઘી ની ફેકટરી શરૂ કરી તેમાં અન્યને ભાગીદાર બનાવી વકીલને અંધારામાં રાખી છેતરપીંડી આચરી વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગે એક શખ્સ વિરુધ્ધ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડીસાના શાસ્ત્રીનગરમાં રહેતા અને વકીલાત કરતા પંચીવાલા દિનેશકુમાર શંકરલાલને તેમના જ સમાજના ચિરાગકુમાર પ્રેમચંદભાઈ મોદી (રહે લચ્છાજીની ચાલી,ડીસા)એ ઘીના ધંધામાં ભાગીદારી બનાવાનું નક્કી કર્યુ હતું. જેમાં દિનેશભાઈના પુત્ર ભૂપેન્દ્ર અને ચિરાગ મોદીએ ઘીની ફેકટરી બનાવી તેમાં ભાગીદાર બનાવવાની ખાતરી આપી ૩ લાખ ૯૦ હજાર રૂપિયા માંગ્યા હતા. જો કે બન્ને એક સમાજના હોવાથી દિનેશભાઈએ વિશ્વાસ રાખી ૨૮મી એપ્રિલ, ૨૦૧૭થી ઓકટોબર સુધીમાં તેમના બેંકના ખાતામાંથી ૩ લાખ ૯૦ હજાર ઉપાડી ચિરાગ મોદીને આપ્યા હતા. જો કે અગાઉ તેઓએ આખોલ ચાર રસ્તા પાસે ઘીની ફેકટરી ચાલુ કરી તેમાં ભાગીદારીની વાત કરી હતી. તેમ છતાં કોઈ ભાગીદારી શરૂ કરી ન હતી. જો કે બાદમાં વકીલ દિનેશભાઈએ તપાસ કરતા તેઓએ ફેકટરી શરૂ કરી અન્ય ભાગીદાર રાખ્યા હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં આ બાબતે તેઓએ ચિરાગ મોદીની પૂછપરછ કરતા તેઓએ ઉડાઉ જવાબ આપ્યો હતો. જેથી તેઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી મામલે તેઓએ ડીસાના બીજા એડીશનલ સિવિલ જજની કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. તેમણે અગાઉ પોલીસ મથકે લેખિત રજૂઆત કરી હોવા છતાં પોલીસે ફરિયાદ ન લેતા છેવટે તેઓ નામદાર કોર્ટમાં ફરિયાદ દાખલ કરવા ગયા હતા જેથી નામદાર કોર્ટે હુકમ કરતા અંતે દક્ષિણ પોલીસે ફરિયાદ દાખલ કરી હોવાની જાણવા મળ્યું છે.

## ધાનેરાના કોટડા (ધાખા) ગામ પાસે અજાણ્યા વાહનની અડફેટે બાઈકસવાર ગંભીર

ધાનેરા તાલુકા ના કોટડા ગામ પાસે કોઈ અજાણ્યો વાહન ચાલાક બાઈક સવાર ને ટક્કર મારતા બાઈક સવાર ને ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યો હતો પરંતુ હાલત ગંભીર જાણતા વધુ સારવાર અર્થે આગળ ખસેડવામાં આવ્યો હતો. ધાનેરા વિસ્તાર માં એક બાદ એક અકસ્માતો ની વણઝાર યથાવત જોવા મળી રહી છે ત્યારે આજે ધાનેરા કોટડા ધાખા ગામ પાસે કોઈ અજાણ્યો વાહન ચાલાક બાઈક સવાર ને ટક્કર મારી ફરાર થઈ જતા બાઈક સવાર ગંભીર રીતે ઘવાયો હતો અને લોકો ધ્વરા ધાનેરા ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ના ભગવાનભાઈ પોતાની ટિમ સાથે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઘાયલ ને સારવાર ને અર્થે ધાનેરા ખસેડ્યો હતો.

# મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકી સામેથી ઉપડતી મોતની સવારી

## અરવલ્લી જીલ્લા ટ્રાફિક પોલીસ અને મોડાસા ટાઉન અને રૂરલ પોલીસના હપ્તારાજમાં જીપચાલકો બેફામ

મોડાસા, તા. ૧૩

ગતિશીલ ગુજરાતના મોડાસામાં ચાર રસ્તા પોલીસ ચોકીની સામે અને હંગામી બસ સ્ટેન્ડ નજીક જીલ્લા બીજેપી કાર્યાલય આગળની બાજુએ મુસાફરીની યોગ્ય સુવિધાના અભાવે જીપોમાં મીની લકઝરી બસ થી પણ વધુ સંખ્યામાં મોતની મુસાફરી પોલીસ તંત્રની રહેમનજર હેઠળ કરવા મજબુર બનવું પડે છે. ટ્રાફિક નિયમન અને અમલવારી ફક્ત કાગળિયા ઉપર હોય તેવા દ્રશ્યો અરવલ્લી જીલ્લાના મુખ્યમાર્ગો અને મોડાસા શહેરમાં ઠેર ઠેર નજરે પડે છે. મજૂરી વર્ગ સાથે સાંકળયેલા અને આમ આદમીની મજબુરીનો પુરેપુરો ફાયદો જીપ ચાલકો ઉઠાવી ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી લોકોના જીવ જોખમમાં મૂકી બિન્દાસ્ત હેરા ફેરી કરી રહ્યા છે.

ગુજરાતનો વિકાસ ગાઈ વગાડીને દેશ અને દુનિયામાં દેખાડો કરવામાં આવી રહ્યો છે બીજી બાજુ રાજ્યમાં લોકો માટે પૂરતા પ્રમાણમાં મુસાફરી ઉપલબ્ધ કરવામાં નિષ્ફળ રહી હોય તેવું લોકો અનુભવી રહ્યા છે. અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં ચાર રસ્તા પોલીસ ચોકીથી માંડ ૧૫૦ મીટર દૂર જીપ ચાલકો જીપની અંદર, જીપના છાપરા ઉપર અને જીપની ચારે કોર લટકાવીને લોકોના જાનના જોખમે મુસાફરી ભરી હંકારી રહ્યા છે. મુસાફરો પણ યોગ્ય વાહનવ્યવહારના અભાવે મોતની મુસાફરી કરવા મજબુર બનવું પડી રહ્યું છે. લોકોના પૈસે લકઝુરિયસ એરકંડિશનડ કારમાં ફરતા પ્રધાનો અને અધિકારીઓને એટલી સમજ નથી કે લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી પૂરતા પ્રમાણમાં એસટીબસની સુવિધા પુરી પાડવી જોઈએ જેથી લોકોએ આરીતે મોતની મુસાફરી કરવી ન પડે.



જીલ્લામાં ગેરકાયદેસર મુસાફરોની હેરાફેરી કરતા વાહનો જીપ, રીક્ષા અને છકડાવાળા પાસેથી અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં દરેક પોલીસ સ્ટેશનમાં હપ્તા બાંધવામાં આવ્યા છે તદઉપરાંત જીલ્લા ટ્રાફિક અને હાઈવે ટ્રાફિકવાળાના પણ મહિના પેટે હપ્તા બાંધેલ હોવાથી મુસાફરોના જીવ જોખમમાં મુકાયા છે. દર મહિને હપ્તા પણ જીપ ચાલકો, રિક્ષાચાલકો અને છકડાવાળા પાસેથી તેમના ફોલ્ડરિયા ઉઘરાવી જેતે પોલીસ સ્ટેશનમાં વહીવટ પહોંચાડતા હોય છે. જેથી એન્ટી કરપ્શન બ્યુરોના છટકાથી આબાદ બચી શકાય કોઈ મહિને જીપ, રીક્ષા કે છકડાનો હપ્તો વહીવટદાર પાસે ન પહોંચે તો તેમનો નંબર પોલીસ સ્ટેશનો અને જીલ્લા ટ્રાફિક અને હાઈવે ટ્રાફિકને આપી દેવામાં આવે છે જેથી તેને પોલીસતંત્ર દ્વારા ડિટેઈન કરી હેરાન કરવામાં આવતો હોવાથી હપ્તા સમયસર પહોંચાડે જીલ્લા પોલીસતંત્ર અને જીલ્લા ટ્રાફિક, હાઈવે ટ્રાફિક પોલીસ ફક્ત ખાનાપૂર્તિ કામગીરી કરતી હોવાનું જાણવા મળ્યું હતું.